ઇ-મેઇલ દ્વારા

| | | |
|---|---|---|
| **પ્રતિ** | - | ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી. બ્લોક નં.૧, આઠમો માળ, ઉદ્યોગભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર |
| **જાણ** | - | પોલીસ મહાનિરીક્ષકશ્રી, ભાવનગર વિભાગ, ભાવનગર. |
| **પ્રેષક** | - | પોલીસ અધિક્ષક ભાવનગર. |
| **ક્રમાંક** | - | કોમ્પ્યુટર શાખા/સાફલ્ય ગાથા/૭૪૭૪૭૪/૭૪/૨૩, તા.૧૩/૦૨/૨૦૨૩ |
| **આધાર** | - | અ.પો.મહા.શ્રી, એસ.સી.આર.બી., ગુ.રા., ગાંધીનગરના મેસેજ ક્રમાંકઃએસસીઆરબી/પોલીસ સાફલ્યગાથા/૧૪૩/૨૦૧૨, તા.૦૪/૦૭/૨૦૧૨ અન્વયે. |
| **વિષય** | - | વેબસાઇટ અપડેટ કરવા સાફલ્ય ગાથાની માહિતી મોકલ્યા બાબત. |

સવિનય જય ભારત સાથ આપશ્રીની કચેરીના ફેકસ મેસેજ ક્રમાંક સીસી/કોન્સોલ/૫૮૦/૨૦૧૨ તા.૨૩/૦૫/૨૦૧૨ અન્વયે ભાવનગર જીલ્લાની સારી કામગીરીની વિગત નીચે મુજબ છે. જે વેબ સાઇટ ઉપર અપલોડ કરવા વિનંતી છે.

નીચે જણાવ્યા મુજબનાં મુદ્દાની કામગીરી તા.30/01/૨૦૨૩ થી તા.૦૫/૦૨/૨૦૨૩ સુધીમાં પોલીસ વિભાગનાં દરેક અધિકારી/કર્મચારી દ્વારા કરવામાં આવેલ સારી કામગીરી (સાફલ્ય ગાથા) ની હકીકત અત્રેના જીલ્લાની સામેલ પત્રક મુજબ છે. જે આપ સાહેબ ને વિદિત થાય.

૧. કોઇ ગંભીર પ્રકારના ગુન્હાઓ શોધી કાઢવા/અટકાવવાની કામગીરી.

૨. ખોવાયેલ/વિખુટા પડેલ બાળક, મહિલા કે વૃધ્ધને વાલી વારસને સોંપેલ હોય.

૩. મહિલા, બાળકો તથા વૃધ્ધોને પરેશાની કે હેરાનગતિના બનાવોથી બચાવેલ હોય.

૪. બાળ શોષણના કેસો શોધી કાઢયા હોય.

૫. કોઇ મોટા પ્રમાણમાં વિસ્ફોટક પદાર્થ, હથિયારો, માદક દ્રવ્યોના કેસો શોધી કાઢેલ હોય.

૬. કોઇ ત્રાસવાદી/નકસ્લવાદી પ્રવૃતિ અટકાવેલ હોય/શોધી કાઢેલ હોય.

૭. કોઇ ગામ કે વિસ્તાર પોલીસના સમજાવટનાં પ્રયાસોથી વ્યસન મુકત બનેલ હોય.

૮. કોઇ સ્કુલ, કોલેજના વિદ્યાર્થીઓને આર્થિક તથા અન્ય રીતે મદદરૂપ થવાની કામગીરી કરેલ હોય.

૯. કોઇ પણ પ્રસંગ હોય અને પોલીસે પ્રજા માટે સારી કામગીરી કરેલ હોય.

૧૦. પોલીસની કામગીરીમાં પ્રજાએ પણ સહકાર આપ્યો હોય.

૧૧. કોઇ બીમારીથી પિડાતા દર્દીને પોલીસે કોઇ પણ રીતે મદદરૂપ થયેલ હોય.

૧૨. કોઇ ગંભીર અકસ્માત કે ગંભીર બીમારીથી પીડાતા દર્દીને બ્લડની જરૂરીયાત હોય અને તે જરૂરીયાત પોલીસના માણસો દ્વારા પુરી પાડવામાં આવેલ હોય.

૧૩. સીનીયર સીટીઝનને પોલીસ દ્વારા સુરક્ષીત કરવા મદદ કરવામાં આવેલ હોય.

૧૪. કોઇ સમયે અતિવૃષ્ટિ/અનાવૃષ્ટિ કે કુદરતી હોનારત દરમ્યાન પોલીસ વિભાગ દ્વારા બચાવ કે આશ્રય આપવાની કામગીરી કરવામાં આવેલ હોય.

૧૫. પોતાનાં સંતાનો દ્વારા તરછોડાયેલ માતા-પિતાને પોલીસ દ્વારા તેમનાં સંતાનોને સમજાવી વૈમનસ્ય/ધૃણા દુર કરી, સંયુકત કુટુંબમાં રહેવાની ભાવના કેળવવા સમજાવવાની કામગીરી કરેલ હોય.

**( આર.વી.ડામોર )**
નાયબ પોલીસ અધિક્ષક
મુખ્ય મથક અને નોડલ ઓફીસર
ભાવનગર

# ભાવનગર જીલ્લા પોલીસ

ઔરંગાબાદના શખ્સ તેના સાગરીતો સાથે મહારાષ્ટ્ર અને ગુજરાતને ધમરોળ્યું હતું

## ભાવનગરમાંથી આંતર રાજ્ય ચોર ગેંગનો સાગરીત પોલીસ સકંજામાં

### ભાવનગર, ઢસા, જુનાગઢ સહીત મહારાષ્ટ્રની અનેક ચોરીની કબુલાત

। ભાવનગર (સંદેશ પ્રતિનિધિ) ।

ભાવનગર શહેરના કેબલ સ્ટે બ્રીજ પાસેથી લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમે આંતર રાજ્ય ચોર ટોળકીના સાગરીતને ઝડપી પાડી પુછપરછ કરતા તેણે ભાવનગર, ઢસા, જુનાગઢ અને મહારાષ્ટ્રના જુદા જુદા શહેરોમાં ચોરી કર્યાની કબુલાત આપી હતી. ઔરંગાબાદનો શખ્સ મહારાષ્ટ્ર અને સુરતના સાગરીત સાથે મળી ચોરીની ઘટનાઓને અંજામ આપતો હોવાનું ખુલવા પામ્યું હતું.

બનાવની જાણવા મળતી વિગતો અનુસાર ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચનાં માણસો ભાવનગર શહેર વિસ્તારમાં વણશોધાયેલ ચોરીઓનાં ગુનાઓ શોધી કાઢવા માટે ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં હતાં.તે દરમ્યાન બાતમી રાહે મળેલ હકીકત આધારે આંતર રાજ્ય ટોળકીના સભ્ય વિક્રમ મલપ્પા ભોંય (ઉ.વ.૩૨ રહે. રામજીનાં મંદિર પાસે, આંબેડકરનગર (હિનાનગર), ચીકલઠાણા,જાલના રોડ, ઔરંગાબાદ, મહારાષ્ટ્ર)ને ભાવનગરના કેબલ સ્ટેડ બ્રિજ તરફ જતાં રોડ ઉપર આવેલ રામદેવપીરનાં મંદિર પાસે રોડ ઉપરથી ઝડપી પાડી તલાશી લેતા તેના કબજામાંથી મોટર સાયકલ રજી.નંબર-GJ-૨૭- BP -૦૧૫૧, રોકડ, આછા કેસરી કલર જેવાં રેસા ભરેલ પડીકી-૦૬ જે રેસા, લોખંડનાં છરી મળી કુલ રૂ. ૪૦,૯૭૦/-નો મુદામાલ મળી આવતા કબ્જે કર્યો હતો.

દરમિયાન શખ્સની પુછપરછ કરતા તેના સાગરીતો શેકર (રહે.નાગરસુળ, મહારાષ્ટ્ર), કલ્યાણ (રહે.સુરત) સાથે મળી સોલાપુર, બસ સ્ટેન્ડમાંથી લેડિઝ પર્સમાં રહેલ રૂ.૪,૦૦૦ની ચોરી, બારામતીમાં બસ સ્ટેન્ડ પાસે આવેલ મટન બજારમાંથી રૂ. ૯૦ થી ૯૫ હજારની ચોરી, ભીગવાનમાં આવેલ મચ્છી બજારમાં મચ્છી વેચવાવાળાનો ગલ્લામાંથી રૂ. ૫,૦૦૦ની ચોરી, સાંગલીમાં બાઇકનાં હેન્ડલમાં રાખેલ થેલીમાં રાખેલ રૂ.૧,૦૦,૦૦૦ની ચોરી, અકોલામાં લોખંડ બજારમાં જેન્ટસનાં ચેઇનવાળા પર્સમાં રાખેલ રૂ.૨૦,૦૦૦ની ચોરી, અમરાવતી બસ સ્ટેન્ડમાંથી બેગમાં રાખેલ રૂ.૧૦,૦૦૦ની ચોરી, કોપરગાંવમાં બજારમાંથી ટેમ્પોમાં પર્સમાં રાખેલ રૂ.૧૫,૦૦૦ની ચોરી, યવતમાલ બસ સ્ટેન્ડમાંથી બેગમાં રાખેલ રૂ.૧૦,૦૦૦ની ચોરી, મનમાડ બજારમાંથી બાઇકનાં હેન્ડલમાં રાખેલ બેગમાં રાખેલ રૂ. ૩૫,૦૦૦ ની ચોરી, ખામગાંવ બજારમાંથી કારમાંથી હેન્ડ બેગમાં રાખેલ રોકડ રૂ.૨૦,૦૦૦ની ચોરી,તેમજ છેલ્લા છ મહીના દરમિયાન ગુજરાત રાજયમાં મહેસાણા બજારમાં બેગમાં રાખેલ રૂ. ૪૦,૦૦૦ની ચોરી, કલોલ બજારમાંથી એક કારનો દરવાજો ખોલીને બેગમાં રાખેલ રૂ.૨,૦૦,૦૦૦ની ચોરી, પાદરા ગામે બાઇકમાં પાછળ બાંધેલ થેલીમાં રાખેલ એક લાખની ચોરી, ડભોઇ ગામે કારનાં કાચ તોડી બેગમાં રાખેલ લેપટોપ તથા રૂ.૨૫,૦૦૦ની ચોરી, ભાવનગર,ગંગાજળીયા તળાવની સામે કારનો દરવાજો ખોલી બેગમાં રાખેલ ૯૦,૦૦૦ની ચોરી, ઢસા ગામે બેંકમાંથી રૂપિયા લઇને બાઇકમાં હુકમાં લટકાવેલ થેલીમાં રાખેલ રૂ.૩૦,૦૦૦ની ચોરી, જુનાગઢનાં વંથલી ગામે બેંકમાંથી થેલી લઇને બહાર આવેલ માણસની પાછળ-પાછળ જઇ તેનાં ઉપર ખુજલીનાં રેસા નાંખી તેની દુકાને બેસેલ બહેનને વો ભાઇ આપકો બુલા રહે હૈ તેમ કહેતાં તે બહેન ઉભા થતાં દુકાનમાં રાખેલ બેગમાં રાખેલ રૂ.૨ લાખની ચોરી, આટકોટ અને બાબરા વચ્ચે આવેલ ગામમાં ટેમ્પોમાં આગળનાં ભાગેથી બેગમાં રાખેલ રૂ.૨૫,૦૦૦ની ચોરી કર્યાની કબુલાત આપી હતી.



### રોકડ સાથે પસાર થતા લોકો અને કારમાંથી થેલાની ઉઠાંતરી કરતો હતો

પોલીસ પકડમાં આવેલ આંતર રાજ્ય ચોર ટોળકીનો સાગરીત મોટર સાયકલ ઉપર બેંક અથવા બજારમાં ભીડભાડવાળી જગ્યાઓમાં ખરીદી કરવા આવતાં લોકો ઉપર નજર રાખી બેંક અથવા બજારમાંથી રૂપિયા થેલી(બેગ)માં નાંખી જતા લોકોનો પીછો કરતો હતો. પાર્ક કરેલ કારમાં બેગ પડેલ હોય તો કારનાં કાચ તોડી તેમાં મુકેલ બેગની ચોરી કરી લેતો હતો. તેમજ રૂપીયા ભરેલ થેલી લઇને જતી વ્યકિત ઉપર ખુજલી થાય તેવાં રેસાઓ નાંખી તેને ખુજલી થતી હોવાથી નજર ચુકવી રૂપીયા ભરેલ થેલીઓ ચોરી કરવાની મોડસ ઓપરેન્ડી ધરાવતો હતો.